Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોલજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડકટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક
॥ શ્રી ગણેશાય નમઃ ॥
# મિર્ચી ન્યૂઝ
MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૧૮ ● સળંગ અંક : ૧૦૫૬ ● પ્રકાશિત તા-૫-૩-૨૦૨૫,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

# ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ અને શહેર પ્રમુખની ક્યારે થશે જાહેરાત?

અમદાવાદ : ગુજરાત ભાજપમાં લાંબા સમયથી પ્રદેશ પ્રમુખ અને શહેર જિલ્લા પ્રમુખની આતુરતા પૂર્વક રાહ જોવાઈ રહી છે. પ્રદેશ પ્રમુખ અને શહેર જિલ્લા પ્રમુખની નિમણુક મુદ્દે 'તારીખ પે તારીખ તારીખ પે તારીખ' ની જેમ મુદત પડતી રહે છે. જો કે, હવે એવું લાગી રહ્યું છે કે ૧૦ માર્ચ આસપાસ આ તમામ હોદ્દેદારોની જાહેરાત થઈ જશે.



ભાજપના નજીકના વતુર્ળો પાસેથી જાણવા મળ્યા મુજબ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીના પદાધિકારીઓની પસંદગી તારીખ ૫ માર્ચે પૂર્ણ થયા બાદ ભાજપ હાઈ કમાન્ડ હોદ્દેદારોની વરણી કરવામાં આવશે. આજે ભાજપની રાજયની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક થઈ ગઈ છે. હવે જોવાનું એ રહે છે કે વધુ એક મુદત પડે છે કે ૧૦ માર્ચ સુધીમાં નિયુક્તિ થઈ જશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં દરેક શહેર અને જિલ્લાના પ્રમુખોની નિયુક્તિમાં બહુ વિલંબ થયો છે. રાજ્ય ભાજપ નવા પ્રદેશ પ્રમુખની રાહ જોઈ રહ્યું છે તો શહેર જિલ્લાના નવા પ્રમુખની પસંદગી પણ બાકી છે. દિલ્હી ભાજપ હાઈકમાન્ડ એવું વિચારી રહ્યું છે કે જુના સંગઠને નક્કી કરેલા શહેર જિલ્લાના પ્રમુખના નામ જાહેર કરવા કે પછી નવા પ્રદેશ પ્રમુખ આવે ત્યારબાદ નવા પ્રમુખોના નામની જાહેરાત થાય. જો કે પ્રદેશ પ્રમુખ આવે એ પહેલા ૫૦ ટકા સ્થાનિક પ્રમુખના નિયમના કારણે પહેલા એવું લાગે છે કે શહેર જિલ્લા પ્રમુખની જાહેરાત થઈ જશે અને આ જાહેરાત ૧૦ મી માર્ચ સુધીમાં થઈ જાય તેવી પૂરી સંભાવના છે. તેની સાથોસાથ નવા પ્રદેશ પ્રમુખની વરણી પણ ૧૦ માર્ચ આસપાસ થઈ જશે તેવું ભાજપના નેતાઓ અને કાર્યકરો માની રહ્યા છે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોલજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડકટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
Economical Rates & Fast Service
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

હવે આપણા વિસ્તારમાં
Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
ડૉ. રવિ શાહ
MD (Medicine) | DM (Endocrinology)
MRCP UK SCE (Endocrinology)
શૈક્ષણિક પ્રવાસ
+ MBBS: બી.જે. મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ
+ MD ( મેડિસિન ): NHL,મ્યુનિ. મેડિકલ કોલેજ, શેઠ વી.એસ. હોસ્પિટલ, અમદાવાદ
+ DM ( એન્ડોક્રિનોલોજી ): PGI, ચંદીગઢ, ભારતનું સર્વ શ્રેષ્ઠ ઇન્સ્ટિટ્યૂટ
+ MRCP (UK) SCE એન્ડોક્રિનોલોજીની ડિગ્રી ધરાવે છે
+ INI-SS ની પરિક્ષામાં સમગ્ર ભારતમાં ચોથા ક્રમે ઉત્તીર્ણ
+ દેશના શ્રેષ્ઠ એન્ડોક્રિનોલોજી રેસિડેન્ટ માટેના ESI TYSA એવોર્ડમાં બીજો ક્રમ
+ ESICON અને ISBMR જેવા રાષ્ટ્રીય પરિષદમાં શ્રેષ્ઠ પેપર અને પોસ્ટર એવોર્ડ

વિશેષ સેવાઓ + SPECIALIZED SERVICES
+ ડાયાબિટીસની સર્વ શ્રેષ્ટ સંભાળ - ડાયાબિટીસ ફુટ, ઈન્સુલિન પંપ અને કન્ટીનુઅસ ગ્લુકોઝ મોનીટરીંગ સહીત
+ મોટાપાની સંભાળ
+ પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમની સંભાળ (PCOS)
+ થાઇરોઇડ અને પેરાથાઇરોઇડ ગ્રંથિના ડિસઓર્ડરની સંભાળ (Thyroid and Parathyroid Disorders)
+ ઓસ્ટીયોપોરોસિસ, રિકેટ્સ અને હાડકાના ડિસઓર્ડરની સંભાળ
+ બાળકોની એન્ડોક્રિનોલોજીની સંભાળ (ટૂંકું કદ અને તરુણાવસ્થાના ડિસઓર્ડરની સંભાળ)
+ પિટુયટરી અને એડ્રેનાલના ડિસઓર્ડરની સંભાળ
Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
301 સી - શિવાલિક સ્ક્વેર
અદાણી સીએનજી પંપ પાસે, 132 ફૂટ રિંગ રોડ, નવા વાડજ, અમદાવાદ.
શ્રેષ્ઠતા પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે એડવાન્સ એન્ડોક્રાઇન કેર માટે, આજે જ સંપર્ક કરો.
+91 97370 54800 rjshah26395@gmail.com
દરરોજ સવારે 9 થી 11 વાગ્યે (ફક્ત એપોઇન્ટમેન્ટ દ્વારા) | દરરોજ સાંજે 5 થી 8

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### અમદાવાદમાં બેફામ ડ્રાઈવીંગ ક્યારે અટકશે ? દ્વિચક્રી વાહન ચાલકો- ગાડીવાળા ક્યારે સુધરશે ?

# લાલદરવાજા બસ ટર્મીનસ છે કે રેસીંગનું મેદાન ?

અમદાવાદ : અમદાવાદ શહેરમાં બેફામ ડ્રાઈવીંગ એક મોટો મુદ્દો છે. સૌ કોઈને પોતાનું વાહન ઝડપથી નીકાળી લેવાની ટેવ હોય છે. કોઈપણ ચાર રસ્તા પર કે ક્રોસિંગ બંધ હોય ત્યારે આ બન્ને સ્થળોએ જેવો વાહન વ્યવહાર શરૂ થાય તેવા જ આડેધડ વાહનો નીકાળવાની હોડ લાગે છે. ઓવરસ્પીડ-રેસીંગ કોઈ નવી સમસ્યા નથી. પરંતુ બેફામ ગતિએ ચલાવતા વાહનો બીજા કોઈ નિર્દોષને ઉડાડી દે છે આપણે ત્યાં ગતિ મર્યાદા નકકી કરવામાં આવી હોવા છતાં ખાનગી વાહનોની સાથે સરકારી વાહનો બેફામ ચાલતા નજરે પડે છે. બાઈકવાળા- એક્ટિવા ચલાવનારા તો ગમે ત્યાંથી વાહન નીકાળી લેશે. ફોર વ્હીલર્સવાળા બેફામ થાય છે. પરંતુ તેમને થોડોક ખુલ્લો રસ્તો મળવો જોઈએ. એસ.જી.હાઈવે અકસ્માત માટે જાણીતો છે. પરંતુ હવે જશોદાનગરથી હાથીજણવાળો સીધો માર્ગ 'એક્સીડન્ડ ઝોન' બની ગયાની

**'લાલ દરવાજા બસ ટર્મીનસ'માં જયારે બસ વાળવામાં આવે ત્યારે ખબર પડે કે સ્પીડ લિમિટ ક્યાં અદ્રશ્ય થઈ જાય છે...**

પ્રતિતી લોકોને થઈ રહી છે. અહીંયા તો બધા ઉતાવળમાં હોય છે. શટલ રીક્ષા ગાડીની ઝડપે દોડે છે તો અમુક વખત લાલબસવાળાને શૂરાતન ચઢે છે તો તે ભગાવે છે. વટવા ઈન્ડસ્ટ્રીયલ ઝોન નજીક હોવાથી આ રસ્તેથી ટ્રકો- ટેમ્પા પસાર થાય છે તે બધા ઉતાવળમાં જ હોય છે. બાઈકોવાળા તો ખેલાડી છે રોડની સાઈડમાં ચલાવવાની જગ્યાએ મેઈન ટ્રેકમાં દોડાવશે. ઓવર સ્પીડ લગભગ બધે જોવા મળે છે. ૪૦-૫૦ કી.મી.ની સ્પીડને કોઈ જોતુ નથી. અમદાવાદ ટ્રાફિક વિભાગે તેથી ૨૦૨૫ના પ્રથમ બે મહિનામાં ઓવરસ્પીડ- રેસીંગ કરતા અનેક વાહનચાલકો પાસેથી દંડ વસૂલ્યો છે. એક અહેવાલ પ્રમાણે અમદાવાદમાં ઓવરસ્પીડ ચલાવતા વાહનચાલકોની સંખ્યા બહોળી છે. શહેરમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા મોટી સંખ્યામાં પક્કડમાં આવ્યા છે. લાલબસો માટે સ્પીડ લિમિટ બાંધવામાં આવી છે પરંતુ 'લાલ દરવાજા બસ ટર્મીનસ'માં જયારે બસ વાળવામાં આવે ત્યારે ખબર પડે કે સ્પીડ લિમિટ ક્યાં અદ્રશ્ય થઈ જાય છે. અમુક ડ્રાઈવરો બસ ટર્ન એવી રીતે લે છે કે જો સહેજ ગફલત થઈ જાય તો ઉભેલા પેસેન્જરોનું શું થાય તે તો ઉપરવાળો જ જાણે. ટૂંકમાં કોઈને ધીમે વાહન હાંકવુ નથી. તેમાં માત્ર બસવાળા નહિ, ખાનગી વાહનચાલકો, ગાડીવાળા, દ્વિ- ચક્રી વાહનચાલકો સૌ કોઈ સહિયારા જવાબદાર છે. અકસ્માતો એમ નથી સર્જાતા. ગાડી- ટુ વ્હીલર્સવાળાઓએ સ્પીડ લિમિટ માટેના નીતિ-નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડશે.

## અમદાવાદના રાણીપ સહિતના વિસ્તારોમાં ખુલ્લા ગરનાળાને ૫૦ કરોડના ખર્ચે ડેવલપ કરાશે

અમદાવાદ : શહેરમાં ચોમાસાની સીઝન દરમ્યાન સામાન્ય વરસાદમાં પણ જળબંબાકાર થઈ જાય છે તેમજ નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવવાની સાથે ડ્રેનેજ બેકિંગની સમસ્યા પણ રહે છે. તેમાં પણ જયાં ગરનાળા આવેલા છે તેવા વિસ્તારમાં પરિસ્થિતિ અત્યંત વિકટ બને છે. શહેરના રાણીપ, સાબરમતી, કાળી સહિતના વિસ્તારોમાં ખુલ્લા ગરનાળા ના કારણે નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા છે જેના કાયમી ઉકેલ માટે રૂ. ૫૦ કરોડના ખચથી વિસ્તારના ગરનાળા ડેવલપ કરવામાં આવશે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, સાબરમતી રેલ્વે કોલોની કાળી ગરનાળા, રાણીપ બકરામંડી, પ્રબોધ રાવલ બ્રીજ, જલવિહાર STP થઈ સાબરમતી નદી સુધી ચંદ્રભાગાનું નાળુ પસાર થાય છે. આ નાળામાં ઝુંડાલ વિસ્તાર માથી વરસાદી પાણી ચાંદખેડા માનસરોવર થઈ IOC ક્રોસિંગ થઇ કાળી ગરનાળામાં આવે છે. ભૂત બંગ્લોઝથી જવાહર ચોક-સાત નાળા થઈ કાળી ગરનાળામાં આવે છે. વષોથી ચાંદખેડા IOCથી કાળીગામ અને જવાહર ચોકથી સાત ગરનાળા સુધી પસાર થતુ નાળુ વષોથી ખુલ્લુ છે.વર્ષો જૂનું ગરનાળુ ખુલ્લુ હોવાના કારણે ગંદકી અને વરસાદી પાણીના નિકાલમાં સમસ્યા થતી હતી. ૫૦ કરોડના ખર્ચે ગરનાળાને RCC બોક્સ દ્વારા બંધ કરવામાં આવશે, જેના કારણે આસપાસના સ્થાનિક રહીશોને ગંદકી અને મચ્છરોના ઉપદ્રવથી મુક્તિ મળશે.

ખુલ્લા નાળાના કારણે થતી ગંદકીના કારણે આજુબાજુના રહીશોના આરોગ્ય જોખમાતું અને ચોમાસાની ઋતુ દરમ્યાન વરસાદી પાણીનો વ્યવસ્થિત નિકાલ થાય અને ડી-કેબીન ફાટકથી કાળીગામ સુધી નાળાની બાજુમાંથી પસાર થતો રોડ સાંકડો છે. જેથી અવરજવરમાં તકલીફ પડી રહી છે. જેને લઇને કોર્પોરેટર તેમજ સ્થાનિક ધારાસભ્ય હર્ષદ પટેલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, આ ખુલ્લા ગરનાળાને બંધ કરવામાં આવે. જેથી, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ ખુલ્લા ગરનાળાને ઈઝઝ બોક્સ મૂકવા પડે તે માટે રીમોલ્ડિંગ કરવા માટે પ્રક્રિયા કરવામાં આવી હતી.

વોટર સપ્લાય કમિટીમાં અંદાજે ચાર કિલોમીટર લાંબા ખુલ્લા ગરનાળાને બંધ કરવા માટે સુધાકર ઈન્ફ્રાટેક પ્રાઈવેટ લિમિટેડને ૫૦ કરોડના ખર્ચે કામગીરી કરવા અંગે કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. ઘરનાડુ બંધ થવાના કારણે સાબરમતી રેલવે કોલોની, કાળીગામ, જવાહર ચોક તેમજ રાણીપ વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ ઓછું થશે. વરસાદી પાણીનો નિકાલ ઝડપી થઈ શકશે.

## હોળી દહન માટે અમદાવાદ કોર્પોરેશનનો મહત્વનો નિર્ણય, મફત આપશે આ વસ્તુઓ



આ વિશે માહિતી આપતા એએમસીના રોડ એન્ડ બિલ્ડીંગ કમિટીના ચેરમેન જયેશ પટેલે જણાવ્યું કે, આગામી હોળીના તહેવારને લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આગોતરી તૈયારી કરી છે. ખાસ કરીને શહેરના માર્ગો ઉપર કરવામાં આવતા હોળીકા દહનના કારણે માર્ગેને નુકશાન થાય છે. જે માટે એએમસી આ વર્ષે દરેક વોર્ડની ઓફિસથી વોડર્ના કોર્પોરેટરોની માંગણી મુજબ ઇંટ અને રેતીનો જથ્થો વિનામૂલ્યે સોસાયટીઓને પુરો પાડશે. જેથી હોળીકા સજાવતા પહેલા રેતી અને ઇંટ મૂકી શકાય અને ડામરના માર્ગને નુકશાન થતુ અટકાવી શકાય.

હોળીના તહેવાર પર હોળીકા દહનનું પારંપારિક મહત્વ છે. આ દિવસે સાંજે ગલીના નાકે હોળી પ્રગટાવવામાં આવે છે. પરંતું રસ્તા પર ખોડી ખોદીને હોળી પ્રકટાવવાથી રોડ રસ્તાને નુકસાન થતું હોય છે. હોળી બાદ કોર્પોરેશનને રોડ રિપેરની કામગીરી પણ કરવી પડે છે. તેથી આ અટકાવવ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. AMC ની દરેક વોર્ડ અને ઝોનની ઓફિસમાં સોસાયટીઓને ઈંટ અને રેતી પૂરી પાડવામા આવશે. જેથી સોસાયટીવાળા રોડ પર ખાડો ન ખોદે. સપાટ રોડ પર ઈંટ રેતીની મદદથી હોળીકા દહન કરે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.










## હજુય રિડેવલપમેન્ટને વેગવંતુ બનાવવા

# ગુજરાત હાઉસિંગ બોર્ડે મજબૂત ભુમિકા ભજવવાની જરૂર..!!

### ટેન્ડર બાદ ડેવલપર અને રહીશો વચ્ચે મિટીંગનું આયોજન થાય ત્યારે હાઉસિંગ બોર્ડના કર્મચારીઓ કે અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિ સમગ્ર રિડેવલપમેન્ટની પ્રક્રિયાની વાટાઘાટો પર સારો પ્રભાવ દર્શાવી શકે છે...

અમદાવાદ : અમદાવાદ શહેરમાં હાઉસિંગ બોર્ડની હાઉસીંગ કોલોનીઓમાં છેલ્લાં એકાદ-બે વર્ષોથી થોડીક જાગૃતિ આવી હોય તેવું જણાઈ રહ્યું છે. અનેક સોસાયટીઓ રિડેવલપમેન્ટમાં જોડાઈ રહી છે, અનેક સોસાયટીઓમાં નોટરાઈઝડ સંમતિ અને ત્રિપક્ષીય કરાર થઈ રહ્યા છે તો અનેક સોસાયટીઓ રિડેવલપમેન્ટના ટેન્ડર્સ ઘણા આવી રહ્યા છે, તો અનેક સોસાયટીઓ રિડેવલપેન્ટમાં જોડાવવા રસ ધરાવી રહી છે, ખૂબ સારી વાત છે એ રિડેવલપેન્ટની દિશામાં પ્રગતિ થઈ રહી છે.પરંતુ બીજી બાજુ કેટલાંક આગેવાનોના મત મુજબ સમગ્ર પ્રક્રિયા જટિલ છે, હજુય સરળ કરવાની જરૂર છે તો જ રિડેવલપમેન્ટ હજુ પણ વધારે ઝડપી થશે.

એક ચર્ચા મુજબ, સરકારની રિડેવલપમેન્ટની પોલીસીને લઈને હાઉસિંગ બોર્ડની ભૂમિકા એકદંરે સારી છે, રિડેવલપમેન્ટમાં જોડાયેલ સોસાયટીઓના જાણકારના મત મુજબ, ફક્ત ટેન્ડર પાડવાથી હાઉસિંગ બોર્ડની કામગીરી પુરી થઈ જતી નથી, ટેન્ડર બાદ પણ સોસાયટીઓના રહીશો અને ડેવલપર વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં વાટાઘાટો થાય, રહીશોનું હિત સચવાય, રહીશોને અન્યાય ન થાય, રહીશોને વધુમાં વધુ સારુ મળે એનો ખ્યાલ રાખવો એ પણ હાઉસિંગ બોર્ડનું કાર્ય જ ગણી શકાય...

એક આગેવાનની ફરિયાદ મુજબ, ટેન્ડર પહેલાની રિડેવલપમેન્ટની પ્રક્રિયા પહેલા કરતા સરળ બનાવી છે, પરંતુ હજુ પણ વધુ સરળ બનાવવી જરૂર છે, ટેન્ડર બાદ પણ સોસાયટીઓના રહીશોને હાઉસિંગ બોર્ડના જવાબદાર કર્મચારીઓ અને અધિકારીઓનો સહકાર મળતો નથી, એવી લોકો ફરિયાદ કરી રહ્યા છે. ટેન્ડર બાદ ડેવલપર અને રહીશો વચ્ચે મિટીંગનું આયોજન થાય ત્યારે હાઉસિંગ બોર્ડના કર્મચારીઓ કે અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિ સમગ્ર રિડેવલપમેન્ટની પ્રક્રિયાની વાટાઘાટો પર સારો પ્રભાવ દર્શાવી શકે છે, નાની મોટી સમસ્યાઓનું સ્થળ પર નિરાકરણ આવી શકે છે, ફક્ત પ્રેરક ઉપસ્થિતિને કારણે ડેવલપર અને રહીશો વચ્ચે સારી રીતે સંવાદ થઈ શકે છે, જેનું પરિણામ સોસાયટીના રહીશોમાં વિશ્વાસનું વાતાવરણ બની શકે એમ છે.

એક આગેવાનના જણાવ્યા મુજબ, ડેવલપરની નિમણુંક બાદ જો ડેવલપર જે તે સ્થાનિક સોસાયટીમાં પોતાની ઓફિસ ખોલી દે અને રહીશોના તમામ પ્રશ્નો કે મુઝવણોનું સમાધાન થવાની શકયતાઓ વધી જશે અને આ ઓફિસમાં હાઉસિંગ બોર્ડના કર્મચારીઓ અને અધિકારીઓ નિયમિત મુલાકાત કરે તો સોસાયટીમાં ચાલતી સમગ્ર રિડેવલપમેન્ટની પ્રક્રિયાને વેગ મળશે.

એટલે જ હાઉસિંગ બોર્ડે ફક્ત ટેન્ડર પાડવાથી કાંઈ નહીં થાય ! સાથે સાથે સોસાયટીઓમાં સકારાત્મક વાતાવરણ બને એ માટે હાઉસિંગ બોર્ડે હજુ પણ વધુ મજબૂત ભૂમિકા ભજવવાની જરૂર છે.

## રિડેવલપમેન્ટમાં જોડાવવું હોય તો છેલ્લો ચાન્સ...!!

# નવા વાડજમાં વિશ્રામ પાર્કનું ટેન્ડર રદ થવાની તૈયારીમાં...!!?

### પોલીસી મુજબ, ચોક્કસ નિર્ધારીત સમયમાં ટેન્ડર બાદ એમઓયુ અને ત્રિપક્ષીય કરાર પુરા કરવાના હોય છે, તેમ છતાં રિડેવલપેન્ટની પ્રક્રિયા અટકેલ છે...

અમદાવાદ : અમદાવાદ શહેરમાં હાઉસીંગ બોર્ડની હાઉસીંગ કોલોનીઓમાં છેલ્લાં એકાદ-બે વર્ષોથી થોડીક જાગૃતિ આવી હોય તેવું જણાઈ રહ્યું છે. અનેક સોસાયટીઓ રિડેવલપમેન્ટમાં જોડાઈ રહી છે ત્યારે કેટલીક સોસાયટીઓમાં વર્ષો જુના ટેન્ડરો હોવા છતાં નોટરાઈઝ સંમતિ અથવા એમઓયુ ન થતાં પ્રક્રિયા અટકેલ છે.જેથી આવી સોસાયટીઓ વિરુદ્ધ ટેન્ડર કેન્સલ કરવાની કાર્યવાહી થાય તેવી શક્યતાઓ જોવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ

નવા વાડજ વિસ્તારમાં આવેલ હાઉસિંગ બોર્ડના વિશ્રામ પાર્કમાં ૨૦૧૯નું ટેન્ડર રદ થાય તેવી શકયતાઓ જોવાઈ રહી છે. ટેન્ડર બાદ એલઓએ આપ્યા બાદ સોસાયટીના હોદ્દેદારો વચ્ચે અનેક મિટીંગ થઈ હોવા છતાં નોટરાઈઝ સંમતિ થઈ શકી નથી, હાઉસિંગના સુત્રો મુજબ, ડેવલપર દ્વારા સોસાયટીને અત્યાર સુધી ૧૫ થી વધુ માંગણી મુજબના અલગ અલગ પ્લાન રજુ કર્યા અને અનેક વાર મિટીંગ થઈ હોવા છતાં આગળની પ્રક્રિયા શરૂ ન થતાં ટેન્ડર રદ થાય તેવી શકયતાઓ વર્તાઈ રહી છે, પોલીસી મુજબ, ચોક્કસ નિર્ધારીત સમયમાં ટેન્ડર બાદ એમઓયુ અને ત્રિપક્ષીય કરાર પુરા કરવાના હોય છે, તેમ છતાં રિડેવલપેન્ટની પ્રક્રિયા અટકેલ છે.આ ઉપરાંત નારણપુરામાં ૮૪ નિધી એપાર્ટમેન્ટમાં પણ આજ પરિસ્થિતિ હોવાનું મનાય છે.૨૦૧૯નું ટેન્ડર હોવા છતાં અત્યાર સુધી આગળની પ્રક્રિયા શરૂ થઈ શકી નથી.

તમને જણાવી દઈએ કે આ અગાઉ કોઈ મુમેન્ટ ન હોવાને કારણે નવા વાડજમાં આવેલ ઉત્સવ એપાર્ટમેન્ટનું ટેન્ડર રદ કરવામાં આવ્યું હતું, હવે ઉત્સવ એપાર્ટમેન્ટને રિડેવલપમેન્ટમાં જોડાવવું હશે તો દરેક પ્રક્રિયા ફરીથી કરીને રિટેન્ડર કરાવવું પડશે.

હાલ ગુજરાત હાઉસિંગ બોર્ડની ૪૨ સોસાયટીઓમાં રિડેવલપમેન્ટની પ્રક્રિયા ચાલી રહી છે. જયારે ૧૭ સોસાયટીઓમાં રિડેવલપમેન્ટની પ્રક્રિયા પૂર્ણ થવાના આરે છે અને ડિમોલીશનની કામગીરી શરૂ થશે.૧૩ સોસાયટીઓમાં રિડેવલપમેન્ટની નિયત પ્રક્રિયા પૂર્ણ થતાં જ ડિમોલિશનની પ્રક્રિયા હાથ ધરાશે. જયારે ૧૧ સોસાયટીઓમાં ટેન્ડર બાદની પ્રક્રિયાઓ ચાલું છે.ત્યારે આવા વર્ષો જુના ટેન્ડરો રદ થવાની શકયતાઓ જોવાઈ રહી છે.

## અમદાવાદમાં આ વિસ્તારોમાં મકાનોના ભાવ આસમાને પહોંચ્યો, કિંમતમાં ૧૭ ટકાનો થયો વધારો

અમદાવાદ : ગુજરાતનું સૌથી મોટું શહેર છે. અમદાવાદમાં જે રીતે વસ્તી સતત વધી રહી છે તે રીતે મકાનોના ભાવ આસમાને પહોંચી રહ્યાં છે. અમદાવાદમાં ઘર ખરીદવું સામાન્ય લોકો માટે એક સપનું બની રહ્યું છે. શહેરના પ્રાઈમ વિસ્તારમાં તો મકાનના ભાવ સતત વધી રહ્યાં છે. એક રિપોર્ટ પ્રમાણે ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૩ની સરખામણીએ ૨૦૨૪ દરમિયાન ઘરની કિંમતમાં ૧૫ ટકા જેટલો વધારો થયો છે.

એક રિપોર્ટ અનુસાર દેશના મુખ્ય આઠ શહેરોમાં ડિસેમ્બરમાં પૂર્ણ થયેલા ક્વાર્ટરમાં મકાનોની કિંમતમાં એવરેજ ૧૦ ટકા જેટલો વધારો થયો છે. મજબૂત માંગ અને ઊંચા ઈનપુટ ખર્ચને કારણે મકાનોની કિંમત વધી રહી છે. અમદાવાદની વાત



કરીએ તો વર્ષ ૨૦૨૩ના ત્રીજા ક્વાર્ટરની તુલનામાં ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં ૧૫ ટકા જેટલી કિંમતો વધી છે.

અમદાવાદમાં કાર્પેટ એરિયા પ્રમાણે મકાનોની કિંમતમાં પ્રતિ ચોરસ ફૂટ ૭૭૨૫ રૂપિયા જેટલો વધારો થયો છે. ક્રેડાઈ, કોલિયર્સ અને લાઈસેસ ફોરાસ દ્વારા જાહેર કરવામાં આવેલા સંયુક્ત રિપોર્ટ પ્રમાણે અમદાવાદ ઘરની કિંમતો વધવાના મામલે ત્રીજા સ્થાને છે. મકાનોની કિંમતમાં સૌથી વધુ વધારો દિલ્હી-એનસીઆરમાં ૩૧ ટકા અને કર્ણાટકની રાજધાની બેંગલુરૂમાં ૨૩ ટકા થયો છે.

અમદાવાદની વાત કરવામાં આવે તો બોપલ, આંબલી, પ્રહલાદનગર, સાઉથ બોપલ, સેટેલાઈટ અને વેજલપુર વિસ્તારમાં ડિસેમ્બર ક્વાર્ટરમાં ઘરોની કિંમત ૧૭ ટકા સુધી વધી છે. સાબરમતી, મોટેરા, ચાંદખેડા, ગાંધીનગરમાં ઘરના ભાવમાં ૨૧ ટકાનો વધારો થયો છે. આ સિવાય વાત કરવામાં આવે તો સિટી સેન્ટ્રલ, વેસ્ટ આંબાવાડી, બોડકદેવ, વસ્ત્રાપુર, મેમનગર અને પાલડીમાં મકાનોની કિંમત ૭ ટકા જેટલી વધી છે.

આ સિવાય સાઉથ વેસ્ટમાં બોપલ, આંબલી, પ્રહલાદનગર, સાઉથ બોપલ, સેટેલાઈટ અને વેજલપુરમાં ઘરની કિંમત ૧૭ ટકા જેટલી વધી છે. તો બાપુનગર, મણીનગર, ઈસનપુર, નરોડા અને વસ્ત્રાલમાં ઘરોની કિંમતમાં ૧૬ ટકા જેટલો વધારો થયો છે. ઘાટલોડિયા, ગોતા, સાયન્સ સિટી, થલતેજ જેવા વિસ્તારોમાં ઘરોની કિંમતમાં ૨૦ ટકાનો વધારો થયો છે.



# હવે હાઉસિંગ સોસાયટીઓ બેફામ ટ્રાન્સફર ફી નહિ વસૂલી શકે....!!

ગુજરાતમાં હાઉસિંગ સોસાયટીમાં ઘર વેચવું કે વારસામાં મેળવવું હવે વધુ પારદર્શક અને કોસ્ટ સસ્તું બનશે, કારણ કે રાજ્ય સરકારે ટ્રાન્સફર ફી મર્યાદિત કરી છે અને વધારાના ચાર્જ પર પ્રતિબંધ મૂક્યો છે. એક અહેવાલ મુજબ ગુજરાત સહકારી સોસાયટી (સુધારા) બિલ, ૨૦૨૪ પસાર થયાના એક વર્ષ પછી, ગુજરાત સરકારે હાઉસિંગ સોસાયટીઓ માટે મહત્તમ ટ્રાન્સફર ફી માટેના નિયમો સૂચિત કર્યા અને વિકાસ ચાર્જ પર પ્રતિબંધ મૂક્યો છે. સરકારના આ પગલાનો હેતુ હાઉસિંગ સોસાયટીઓને મિલકત ટ્રાન્સફર પર મનસ્વી ચાર્જ લાદતા અટકાવવાનો છે, જે ઘર ખરીદનારાઓ અને વેચાણકર્તાઓમાં સામાન્ય ફરિયાદ છે.

સૂચિત નવા નિયમો અનુસાર, ટ્રાન્સફર ફી અવેજ મૂલ્યના ૦.૫ ટકા અથવા રૂ. ૧ લાખ, જે પણ ઓછું હોય તે મર્યાદિત કરવામાં આવી છે. નિયમોમાં સોસાયટીઓને નવા સભ્યો પાસેથી વિકાસ ચાર્જ, દાન અથવા અન્ય કોઈપણ ભંડોળમાં યોગદાનની માંગણી કરવાથી પણ પ્રતિબંધિત કરવામાં આવ્યા છે.

ગુરુવારે પ્રકાશિત ગેઝેટ નોટિફિકેશનમાં સૂચિત ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) નિયમો, ૨૦૨૫ અનુસાર, હાઉસિંગ અથવા હાઉસિંગ સર્વિસ કો-ઓપરેટિવ સોસાયટીઓના કિસ્સામાં ટ્રાન્સફર ફી રૂ. ૧ લાખ સુધી મર્યાદિત કરવામાં આવી છે. "આવાસ અથવા ગૃહ સેવા સહકારી મંડળી, બાય લૉની જોગવાઈઓને આધીન, ટ્રાન્સફર કરેલી મિલકતના અવેજ મૂલ્યના ૦.૫ ટકાથી વધુ દર અથવા રૂ. ૧ લાખ જે ઓછું હોય તેનાથી વધુ ટ્રાન્સફર ફી નહીં વસૂલી શકે

સૂચનામાં જણાવાયું છે કે જ્યાં કોઈ મિલકત નાણાકીય અવેજ વિના કાનૂની વારસદારને ટ્રાન્સફર કરવામાં આવી રહી હોય, ત્યાં કોઈ ટ્રાન્સફર ફી લાગુ થશે નહીં. નિયમો વિકાસ ચાર્જ હેઠળ કોઈપણ વધારાની રકમ વસૂલવા પર પણ પ્રતિબંધ મૂકે છે. ટ્રાન્સફર સમયે ટ્રાન્સફર કરનાર અથવા ટ્રાન્સફર કરનાર પાસેથી વિકાસ ચાર્જ, દાન અથવા અન્ય કોઈપણ ભંડોળમાં યોગદાન માટેઅથવા અન્ય કોઈપણ બહાના હેઠળ કોઈ વધારાની રકમ વસૂલવામાં આવશે નહીં.

# ચાર દીકરીઓએ ચૌહાણ પરિવારનું નામ રોશન કર્યું, એકસાથે સગી બહેનો પોલીસ ભરતીમાં સામેલ



પાટણ : ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં પોલીસ ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. બહેનોને પ્રેરણાદાયક કિસ્સો સામે આવ્યો છે. મહેસાણા જિલ્લાના પાટણ તાલુકાના હાજીપુર ગામના સામાન્ય પરિવારની ચાર સગી બહેનો એક સાથે પોલીસ વિભાગમાં નિમણૂક લઇ સમાજને નવો રાહ ચીંધ્યો છે.બહેનોને પ્રેરણાદાયક કિસ્સો પાટણ તાલુકાના હાજીપુર ગામના સામાન્ય પરિવારની ચાર સગી બહેનો એક સાથે પોલીસ વિભાગમાં નિમણૂંકને લઈ સમાજને ઉદાહરણ પૂરું પાડે છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, પાટણ તાલુકાના હાજીપુર ગામે રહેતા ઈશ્વરભાઈ મગનભાઈ ચૌહાણ વ્યવસાય પાટણમાં પ્લમ્બર કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. સાથે સાથે તેમના સંતાન ચાર દીકરીઓ જાગૃતિ, હિના, હેતલ અને પ્રિયંકા તેમજ દીકરા ઉત્તમ ને શિક્ષણ પૂરતું અપાવ્યું છે. તેમાં હેતલ એ સારી ખેલાડી છે. તેણે એથલેટિક્સમાં ૪૦થી વધુ મેડલ મેળવ્યા છે. ચૌહાણ પરિવારની ચારેય દીકરીઓ સ્પોર્ટસમાં આગળ હતી. જેનો લાભ લઈ વર્ષ ૨૦૨૩ ની પોલીસ ભરતીમાં આ ચાર સગી બહેનોએ પોતાના ફોર્મ ભર્યા હતા, અને ચારેય બહેનો બિનહથિયારી પોલીસમાં પસંદગી પામી છે. પરિવારની સંતાન ચાર દીકરીઓ જાગૃતિ, હિના, હેતલ અને પ્રિયંકાને તેમણે જે શિક્ષણ અપાવ્યું, તેનાથી દીકરીઓએ પરિવારનું નામ રોશન કર્યું છે.

આજે ચારેય દીકરીઓ અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણામાં નિમણુંક લઈને ફરજ બજાવી રહી છે. એક જ પરિવારની ચાર સગી બહેનોએ માતા-પિતાના સંઘર્ષને નજર સમક્ષ રાખી ખુબ મહેનત કરી સફળતા મેળવી છે. સમાજમાં ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે તેવું તેમના કોચ રમેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું.રમેશભાઈ આ દીકરીઓને દોડની પ્રેક્ટિસ સાથે સાથે સ્પર્ધાત્મક વર્ગોની લેખિત તૈયારી પણ કરાવતા હતા.

પાટણ તાલુકાનું હાજીપુર ગામ રમત ગમત ક્ષેત્રે તેમજ પોલીસ ભરતીમાં છેલ્લા ઘણા સમયથી અગ્રેસર રહ્યું છે. રમત ગમતની સ્પધાર્મા નીમા ઠાકોરે ગુજરાતનું નામ રોશન કર્યું છે. ત્યારે હવે આ જ ગામની સગી ચાર બહેનો પોલીસ ભરતીમાં પસંદગી પામી છે. જેને લઈ ગામનું ગૌરવ વધ્યું છે.

# GPSC દ્વારા પરીક્ષા પદ્ધતિમાં મોટાપાયે ફેરફાર; પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો જાણે નવા નિયમો

અમદાવાદ : ગુજરાતમાં દર વર્ષે લાખો ઉમેદવારો સરકારી ભરતીની પરીક્ષાઓ આપે છે. ગુજરાતમાં GPSCદ્વારા વર્ગ ૧ અને ૨ની પરીક્ષાઓ યોજવામાં આવતી હોય છે. ત્યારે હવે આ GPSCની ભરતી પ્રક્રિયાને હવે UPSCના સમકક્ષ યોજાશે. ત્યારે હવે GPSCની ભરતીના નિયમોમાં ફેરફાર થવાની ટૂંક સમોમાં જાહેરાત કરવામાં આવ્યા છે. આ વષર્થી જે GPSCવર્ગ ૧ અને ૨ની ભરતી બહાર પાડવામાં આવશે તેમાં નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, ઉમેદવારોના પસંદગી ક્રમ સહિત નિયમોની વિગતો આપતું ગેઝેટ જારી કરવામાં આવ્યું છે. જેમાં GPSCનાં નવા નિયમો અનુસાર પરીક્ષા બે ક્રમિક તબક્કામાં લેવામાં આવશે. કોઇપણ ઉમેદવારે મુખ્ય પરીક્ષા પૂર્વે પસંદગી માટે પ્રારંભિક પરીક્ષા આપવાની રહેશે અને તેમાં ઉતીર્ણ થવાનું રહેશે. પ્રાથમિક પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નો રહેશે. જયારે ઉમેદવારોની અંતિમ પસંદગી માટે મુખ્ય પરીક્ષા લેવામાં આવશે તે વર્ણનાત્મક રહેશે. જો કે નવા નિયમો અનુસાર લેખિત પરીક્ષાની સાથે વ્યક્તિત્વ કસોટી પણ આપવાની રહેશે.

કેવું રહેશે પરીક્ષા માળખું?

૧) પ્રાથમિક પરીક્ષા

આયોગ દ્વાર લેવામાં આવનારી પ્રાથમિક પરીક્ષામાં કુલ ૨૦૦ ગુણનું પેપર રહેશે. જે સામાન્ય અભ્યાસનું પેપર હશે, કુલ ૨૦૦ ગુણનાં MCQ પૂછવામાં આવશે અને તે માટે ૩ કલાકનો સમય ફાળવવામાં આવશે. સામાન્ય અભ્યાસ પેપર માટેનો અભ્યાસક્રમ આયોગ દ્વારા નિર્ધારિત અને સૂચિત કરવામાં આવશે. તે ઉપરાંત સામાન્ય અભ્યાસનાં પેપર માટે અભ્યાસક્રમનું ધોરણ અને અભ્યાસક્રમ સામગ્રી ડિગ્રી સ્તર મુજબની રહેશે.

૨) મુખ્ય પરીક્ષા

તે ઉપરાંત મુખ્ય પરીક્ષામાં ૭ પ્રશ્નપત્ર રહેશે. જેમાં અંગ્રેજી અને ગુજરાતી ભાષાનાં પેપર રહેશે જો કે તેની ગણતરી મેરીટમાં નહીં થાય. પરંતુ તેમાં લઘુત્તમ ૨૫ ટકા સાથે પાસ થવું પડશે. ભાષાનાં પેપરમાં નિષ્ફળ જાય તેઓ વધુ પસંદગી માટે લાયક રહેશે નહીં. ગુજરાતી અને અંગ્રેજી ભાષાનું ૩૦૦ માર્કનું અલગ અલગ પેપર રહેશે. ૨૫૦ માર્કનું નિબંધનું તેમજ અન્ય સામાન્ય અભ્યાસનાં ૨૫૦ માર્કર્ના ચાર પ્રશ્નપત્ર રહેશે.

૩) વ્યક્તિત્વ કસોટી

મુખ્ય પરીક્ષા બાદ વ્યક્તિત્વ કસોટી આપવાની રહેશે. જો કે તેમાં કોઈ લઘુત્તમ ગુણ વિના ૧૫૦ ગુણની કસોટી રહેશે. મુખ્ય પરીક્ષા (લેખિત) અને વ્યક્તિત્વ કસોટીમાં ઉમેદવારો દ્વારા મેળવેલા કુલ ગુણ તેમના અંતિમ મેરીટને નક્કી કરશે.

